# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1. **અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં 588 કરોડ રૂપિયાના ખર્ચે બે હજારથી વધુ બેડની ક્ષમતા ધરાવતી નવી હોસ્પિટલનું નિર્માણ થશે**
2. **રાજ્યમાં દેશ વિદેશના પ્રવાસીઓની સંખ્યામાં વધારો – દેશ વિદેશના 18 કરોડથી વધુ લોકોએ રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી.**
3. **C.A. ઈન્ટર મિડીયેટ અને ફાઉન્ડેશન પરીક્ષાનાં જાહેર થયેલા પરિણામમાં ઈન્ટર મિડીયેટમાં દેશનાં 50 ટોપરોમાં અમદાવાદનાં 11 વિદ્યાર્થીઓનો સમાવેશ.**
4. **આગામી શૈક્ષણિક સત્રથી ગુજરાત યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતકના વિદ્યાર્થીઓ નિયમિત અભ્યાસની સાથે સાથે 25 જેટલા અન્ય કોર્ષમાં પણ પ્રવેશ મેળવી શકશે.**
5. **ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઓસ્ટ્રેલિયા ને હરાવી ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચી.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RUSHIKESH PATEL CIVIL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું કે , અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં 588 કરોડ રૂપિયાના ખર્ચે 2 હજારથી વધુ બેડની ક્ષમતા ધરાવતી નવી હોસ્પિટલ બનશે. શ્રી પટેલે ઉમેર્યું ઓલ્ડ ટ્રોમા સેંટર સહિતના જુના મકાનો તોડી તેના સ્થાને નવીન ઓપીડી , 500 બેડની ચેપી રોગની હોસ્પિટલ તથા ૯૦૦ બેડની જનરલ હોસ્પિટલમાં ૩૦૦ બેડ I.C.U. અને સ્પેશિયલ રૂમ, વી.આઇ.પી. રૂમ મળી કુલ બે હજાર અઢાર બેડની હોસ્પિટલ નિર્માણ પામશે.

શ્રી પટેલે ઉમેર્યું કે અંદાજીત દસ માળની નિર્માણાધીન આ હોસ્પિટલમાં 555 ફોર વ્હીલર્સ અને એક હજાર ટુ વ્હીલર્સની ક્ષમતા ધરાવતું પાર્કીંગ , ચેપી રોગની અલાયદી ઓપીડી, ઓપરેશન થીયેટર તથા 115 બેડની સુવિધા ઉપલબ્ધ બનશે.

# Visitors in GUJ

રાજ્યમાં વર્ષ ૨૦૨૪માં દેશ-વિદેશના ૧૮ કરોડથી વધુ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી હોવાનું પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું. પોરબંદર જિલ્લામાં ગાંધી કોરિડોરના વિકાસ માટે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં વિશેષ જોગવાઈ કરાઈ હોવાનો પણ ગૃહમાં પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં પ્રવાસન મંત્રીએ ઉત્તર આપ્યો હતો.

બરડા સર્કિટના નવલખા સૂર્ય મંદિર, ધુમલી, આશાપુરા મંદિરથી સોનકંસારી ડેરા, મોડપરનો કિલ્લો, જાંબુવંતીની ગુફા, ફૂલનાથ મહાદેવ મંદિર સહિતનાં

સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની પણ સરકારની યોજનાઓનો પ્રવાસન મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.

# BUDGET HARSH SANGHAVI

વિધાનસભા ગૃહમાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પર પોતાનું મંતવ્ય રજુ કરતા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગરવી ગુજરાતનું આ અંદાજપત્ર એ દસ્તાવેજ નથી, પણ સાડા છ કરોડ ગુજરાતીઓની આકાંક્ષાઓનો આલેખ છે. આ અંદાજપત્ર એ સમૃદ્ધિ, પ્રગતિ અને જનકલ્યાણની ત્રિવેણી છે.

ગૃહ રાજ્ય મંત્રીએ ઉમેર્યું કે, આ બજેટ 'વિઝન ફોર વિકસિત ગુજરાત અને મિશન જનકલ્યાણ'ના સૂત્રને સાકાર કરે છે. આ બજેટમાં મહેનત અને મજબૂત ઇરાદો સ્પષ્ટ દેખાય છે.

તેમણે રાજ્યના બજેટમાં રજૂ કરાયેલી વિવિધ કલ્યાણકારી અને વિકાસ યોજનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# CA RESULT

CA ઇન્ટર મિડીએટ પરીક્ષાના ગઇકાલે જાહેર થયેલા પરિણામમાં અમદાવાદનું પરિણામ સાત ગણું વધ્યું છે. અમદાવાદના 11 વિદ્યાર્થીઓ ટોપ 50માં આવ્યા છે.

અમદાવાદ સેન્ટરમાં બંને ગ્રુપમાં 1,750 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી 384 વિદ્યાર્થીઓ પાસ થયા છે, જ્યારે ગ્રુપ એકમાં 1281 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જેમાંથી 104 વિદ્યાર્થીઓ પાસ થયા છે તથા ગ્રુપ 2માં 881 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી 278 વિદ્યાર્થીઓ પાસ થયા છે. બંને ગ્રુપની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓનું 21.94 ટકા પરિણામ આવ્યું છે. આ ઉપરાંત ગ્રુપ એકમાં 8.12 ટકા તથા ગ્રુપ બે માં 31.56 ટકા પરિણામ આવ્યું છે. ઇન્ટર મિડીએટમાં અમદાવાદની વિધિ તલાટીએ ઓલ ઈન્ડિયા રેંકમાં 12માં ક્રમે સ્થાન મેળવ્યું હોવાની માહિતી ICAIના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સી.એ. પુરૂષોત્તમ ખંડેલવાલે આપી હતી.

## (બાઈટ – પુરુષોત્તમ ખંડેલવાલે)

# GUJARAT UNI. DEUL DEGREE

આગામી શૈક્ષણિક સત્રથી ગુજરાત યુનિ વર્સિટીમાં UG અને PGના વિદ્યાર્થીઓ રેગ્યુલર કોર્ષ સાથે 25 જેટલા બીજા કોર્ષ પણ કરી શકશે.

ગુજરાત યુનિવર્સિટીમાં આગામી શૈક્ષણિક સત્રથી ડ્યુઅલ ડિગ્રીની અમલવારી શરૂ થવા જઈ રહી છે. ત્યારે ગઈકાલે કુલપતિની વિભાગના વડાઓ સાથે યોજાયેલી બેઠકમાં ડ્યુઅલ ડીગ્રી પ્રોગ્રામ કઈ રીતે શરૂ કરવો અને તેના અમલ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ડ્યુઅલ ડીગ્રી પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ B.A., B.COM, BSC સાથે 25 જેટલા કોર્સમાંથી કોઈ પણ અન્ય કોર્ષનો અભ્યાસ પણ કરી શકશે. આ તમામ

કોર્ષ ગુજરાત યુનિવર્સિટીના અલગ અલગ વિભાગમાં જ ચાલુ કરવામાં આવશે જેથી વિદ્યાર્થીઓને બંને કોર્સની પરીક્ષાઓ આપી શકે.

આ કોર્સમાં સાયબર સિક્યુરિટી, એવીએશન, ફૂડ સર્વિસ, AI, હોસ્પિટલ મેનેજમેન્ટ, હેરિટેજ મેનેજમેન્ટ , મેરીટાઈમ મેનેજમેન્ટ , ન્યૂ એજ મીડિયા , પર્ફોર્મિંગ આર્ટસ, યોગ સાયન્સ ,ઇન્ડિયન નોલેજ સિસ્ટમ , ફોરેન લેન્ગવેજ ટ્રાન્સલેશન અને એડિટિંગ સ્ટડીઝ રેગ્યુલેટરી અફેર્સ એન્ડ ડોક્યુમેન્ટેશન જેવા કોર્સિસનો સમાવેશ થાય છે. તેમ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. નિરજા ગુપ્તાએ જણાવ્યું હતું.

**(બાઈટ – નિરજા ગુપ્તા)**

# NIFT NATIONAL WORKSHOP

ગાંધીનગર સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી ,NIFT 6 થી 8 માર્ચ 2025 દરમિયાન તેના ગાંધીનગર કેમ્પસમાં એક ઇમર્સિવ હેન્ડ્સ-ઓન લર્નિંગ ક્રાફ્ટ વર્કશોપ યોજી રહ્યો છે..

આ કાર્યશાળાનો હેતુ માસ્ટર કારીગરોને વ્યવહારુ શિક્ષણનો અનુભવ પ્રદાન કરીને ભારતની વિવિધ હસ્તકલા પરંપરાઓની ઉજવણી અને જાળવણી કરવાનો હોવાનું એનઆઇએફટીના પ્રોફેસર આસિત ભટ્ટે જણાવ્યું હતું..

**(બાઇટ- આસિત ભટ્ટ, પ્રોફેસર, એનઆઇએફટી, ગાંધીનગર)**

# DANG SCHOOL STATE LEVEL

ડાંગ જિલ્લાના આહવાની દીપ દર્શન શાળાની રાજ્ય કક્ષાએ સર્વ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી કરાઇ છે. દીપ દર્શન માધ્યમિક શાળાના આચાર્યા સુહાસિની પરમાર જણાવે છે કે , વર્ષ ૧૯૭૫માં માત્ર ૨૦ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ આ શાળામાં આજે એક હજાર આઠસોથી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ લઇ રહ્યા છે.

(બાઇટ– સુહાસિની પરમાર આચાર્યા દીપ દર્શન શાળા)

દરમિયાન તાપીથી અમારાં પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે , જિલ્લાના સોનગઢ તાલુકાની ડોસવાડા મોડેલ શાળાની રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે દ્વિતીય ક્રમાંકે પસંદગી કરવામાં આવી છે.

# ICC CRICKET

ભારતીય ટીમ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી ગઈ છે. દુબઈમાં ગઈકાલે રમાયેલી પહેલી સેમિ-ફાઈનલ મૅચમાં ભારતીય ટીમે ઑસ્ટ્રેલિયાને ચાર વિકેટથી હરાવી ફાઈનલમાં સ્થાન બનાવ્યું છે.

ઑસ્ટ્રેલિયાની ટીમે ભારતને જીતવા માટે 265 રનનો લક્ષ્યાંક આપ્યો હતો , જવાબમાં ભારતીય ટીમે 48 ઑવર એક બૉલમાં 6 વિકેટે 267 રન બનાવી મૅચ જીતી લીધી હતી.

વિરાટ કોહલીએ સૌથી વધુ 84 રન બનાવ્યા અને તેમને પ્લેયર ઑફ ધ મૅચ પણ જાહેર કરાયા હતા. જ્યારે શ્રેયસ અય્યરે 45 અને કે. એલ. રાહુલે 42 રન બનાવ્યા. ઑસ્ટ્રેલિયા માટે નાથન એલિસ અને એડમ જમ્પાએ 2-2 વિકેટ લીધી

હતી. ભારત તરફથી મોહમ્મદ શામીએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી. જ્યારે વરૂણ ચક્રવર્તી અને રવિન્દ્ર જાડેજાએ બે-બે વિકેટ લીધી હતી.

હવે આજે બીજી સેમિ-ફાઈનલ ન્યૂ ઝિલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાકિસ્તાનના લાહોરમાં રમાશે.

# RAJKOT CISF MILETS MELA

રાજકોટની એરપોર્ટ કોલોની ખાતે સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ, C.I.F.S.ની રજત જયંતિની મીલેટ્સ મેળાનું આયોજન કરીને ઉજવણી કરાઇ હતી. જુવાર, બાજરી, રાગી, રાજગરો વગેરે જેવા જાડા ધાનનો ઉપયોગ કરીને વિવિધ વાનગીઓ પ્રદર્શિત કરાઇ હતી.. વિવિધ સ્ટોલ્સ દ્વારા મીલેટ્સ અને પ્રાકૃતિક કૃષિના માધ્યમથી બનતી ભાખરી, કુકીઝ, મધ, તેલ, સિંગતેલ, મસાલા ધૂપ, શેમ્પુ સહિતની વસ્તુઓને પ્રદર્શનમાં મુકવામાં આવી હતી.